# નિયમ સંગ્રહ-૧૭

## અન્ય ઉપયોગી માહિતી.

### ૧૮.૧ લોકો દ્વારા પુછાતાં પ્રશ્નો અને તેના જવાબો

**૧. માહિતી અધિકાર બાબતનો અધિનિયમ-૨૦૦૫ કયારથી અમલમાં આવેલ છે. ?**

માહિતી અધિકાર બાબતનો અધિનિયમ-૨૦૦૫, ૧૨મી ઓકટોબર-૨૦૦૫ (૧૫મી જુન-૨૦૦૫ ના રોજ તેના ઘડતરથી ૧૨૦માં દિવસ)થી અમલમાં આવેલ છે.

**૨. "માહિતી" એટલે શું ?**

માહિતી એટલે દફતર, દસ્તાવેજો, યાદીઓ, ઇ-મેઇલ, મંતવ્યો, સલાહો, પ્રેસ રીલીઝ, પરિપત્રો, હુકમો, લોગબુકસ, કરાર, અહેવાલો, કાગળ, નમુનાઓ, મોડેલ, કોઇપણ ઇલેકટ્રોનિક રૂપમાં ડેટા સામગ્રી અને અત્યારે અમલમાં હોય તેવા કોઇપણ કાયદા અન્વયે કોઇ જાહેર સત્તાધિકારી દ્વારા મેળવવામાં આવનાર કોઇપણ ખાનગી સંસ્થાને લગતી માહિતી.

**૩. માહિતીનો અધિકાર એટલે શું?**

માહિતીના અધિકારમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(૧) કાર્યો, દસ્તાવેજો, દફતરોનું નિરીક્ષણ કરવું

(૨) દસ્તાવેજો અથવા દફતરોની નોંધ કરવી, ઉતારા અથવા પ્રમાણિત નકલો

(૩) સામગ્રીના પ્રમાણિત નમુના લેવા.

(૪) પ્રિન્ટ આઉટ,ડીસ્કેટ, ફ્લોપી, ટેપ, વિડિયો, કેસેટ અથવા કોઇપણ અન્ય ઇલેક્ટ્રોનિક્સ રીતે અથવા પ્રિન્ટ આઉટથી માહિતી મેળવવી.

**૪. જાહેર સત્તાતંત્ર (Public Authority) એટલે શું ?**

જાહેર સત્તાતંત્ર એટલે નીચેના દ્વારા સ્થાપવામાં આવેલ કે રચવામાં આવેલ સ્વ-રાજ્યનું કોઇપણ સત્તાતંત્ર (Authority) અથવા મંડળ (Body) અથવા સંસ્થા (Institution)

(ક) બંધારણ દ્વારા કે તે અન્વયે

(ખ) સંસદ દ્વારા ઘડવામાં આવેલ/અન્ય કોઇપણ કાયદા દ્વારા

(ગ) રાજ્ય વિધાનસભા દ્વારા ઘડવામાં આવેલ/ અન્ય કોઇપણ કાયદા દ્વારા

(ઘ) સમુચિત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા કે કરવામાં આવેલ હુકમ દ્વારા સ્થપાયેલ અને નીચેનાનો તેમાં સમાવેશ થાય છે.

(૧) સમુચિત સરકાર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેના નાણાં ભંડોળથી ચાલતી હોય એવી સરકારી માલિકી, નિયંત્રણ અથવા સરકારની મોટી રકમની નાણાકીય સહાયથી ચાલતી સંસ્થા, તેમજ

(૨) સમુચિત સરકારનું મોટી રકમનું નાણાં ભંડોળ મેળવતી હોય એવી ખાનગી સંસ્થા

**૫. જાહેર માહિતી અધિકારીઓ કોણ છે?**

સરકારી માહિતી અધિકારીઓએ જાહેર સત્તા તંત્રો દ્વારા તમામ વહીવટી એકમો અથવા તેના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં નિયુક્ત કરવામાં આવતા અધિકારીઓ છે, કે જેઓને આ અધિનિયમ હેઠળ માહિતી મેળવવા માટે વિનંતી કરતા નાગરિકોને માહિતી પુરી પાડવાની હોય છે.

**૬. માહિતી મેળવવા માટે અરજી કરવાની પ્રક્રિયા શું છે ?**

(૧) જે બાબત માટે માહિતી મેળવવાની હોય તેની વિગતો દર્શાવતી અરજી સરકારી માહિતી અધિકારીને લેખીતમાં અથવા વિજાણું માધ્યમો દ્વારા ગુજરાતીમાં, અંગ્રેજીમાં અથવા હિન્દીમાં કરવી.

(૨) કઇ બાબત અંગે માહિતી મેળવવાની છે તે અંગેના કારણો દર્શાવવાની જરૂર નથી.

(૩) નિયત કરવામાં આવે તેટલી ફી ચુકવો, ગરીબી રેખા હેઠળની કક્ષામાં આવતા લોકો એ કોઇ જ ફી ચુકવવાની રહેતી નથી.

(૪) સરકારી માહિતી અધિકારી નિયત કરેલી સમય મર્યાદાનું પાલન ન કરી શકે તો અરજદારને માહિતી વિનામૂલ્યે પુરી પાડવી.

**૭. માહિતી મેળવવા માટેની સમય મર્યાદા કેટલી છે ?**

(૧) અરજી મળ્યાની તારીખથી ૩૦ દિવસ સુધીમાં.

(૨) વ્યક્તિની જાણ અને સ્વતંત્રતાને અસરકર્તા હોય તે સંજોગોમાં માહિતી મેળવવા માટે ૪૮ કલાક.

(૩) જો અરજી મદદનીશ સરકારી માહિતી અધિકારીને માહિતી માટે આપી હોય તો જવાબ આપવાના ઉપરોક્ત સમયગાળામાં ૫ દિવસનો સમય વધારવામાં આવશે.

(૪) જો આમાં ત્રીજા પક્ષકારના હિત સમાયેલ હશે તો સમય મર્યાદા ૪૦ દિવસ સુધીની રહેશે.

(૫) નિયમ સમય મર્યાદામાં માહિતી આપવામાં નિષ્ફળ જવું તેનો અર્થ માહિતી આપવાનો અસ્વીકાર કરવામાં આવે છે તે માનવામાં આવશે.

**૮. માહિતી આપવાના અસ્વીકાર માટેનું કારણ શું બની શકે ?**

(૧) જો તેને પ્રગટ કરવામાંથી મુક્તિ આપવા હેઠળ આવરી લેવાયેલ હોય

(૨) જો તેમાં રાજ્ય સિવાયની અન્ય કોઇ વ્યક્તિના કોપીરાઇટનો ભંગ કરવામાં આવ્યો હોય.

**૯. દંડની જોગવાઇઓ કોઇ છે?**

દરેક સરકારી માહિતી અધિકારી નીચેના માટે દરરોજ ₹ ૨૫૦ લેખે મહત્તમ ₹ ૨૫,૦૦૦ સુધી દંડ માટે જવાબદાર રહેશે.

(૧) અરજી નહીં સ્વીકારવા માટે

(૨) વાજબી કારણ સિવાય માહિતી આપવામાં વિલંબ કરવા.

(૩) બદ ઇરાદાથી માહિતી આપવાનો ઇન્કાર કરવો.

(૪) જાણીબૂઝિને અધૂરી, ખોટી ગેરમાર્ગે દોરનારી માહિતી આપવી.

(૫) જેની માંગણી કરી હોય તે માહિતીનો નાશ કરવો, અને

(૬) કોઇપણ રીતે માહિતી પુરી પાડવામાં અડચણ ઊભી કરવી.

**૧૦. અદાલતોનું અધિકાર ક્ષેત્ર શુ છે ?**

માહિતી અધિકાર બાબતનો અધિનિયમ અન્વયે કરવામાં આવેલ કોઇપણ હુકમ સામે કરેલ દાવાઓ કે અરજીઓ નીચલી અદાલતો સ્વીકારી શકશે નહીં, આમ છતાં બંધારણની કલમ-૩ ૨ અને ૨૨૫ હેઠળ સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના રીટ ક્ષેત્રાધિકારીને કોઇ અસર પહોંચતી નથી.

<u>નાગરિક ઉડ્ડયન સંબંધમાં લોકો દ્વારા પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો</u>

**(૧) ગુજરાત સરકાર પાસે કેટલા વિમાન અને હેલિકોપ્ટર છે. ?**

ગુજરાત સરકાર પાસે એક સુપર કિંગ બી-૨૦૦ ટર્બોપ્રોપ વિમાન અને એક ડોફીન એન-૩ હેલિકોપ્ટર છે.

**(૨) રાજ્યમાં સરકારશ્રી દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે નવું હેંગર બનાવવામાં આવેલ ત્યાં કઇ કઇ કામગીરી કરવામાં આવે છે?**

રાજ્ય સરકારશ્રીના પોતાના વિમાન અને હેલિકોપ્ટરની સલામતી માટે નવું હેંગર બનાવવામાં આવેલ છે. જ્યા રાજ્ય સરકારના મહાનુભાવોના ઉડ્ડયન પ્રવાસોની કામગીરી, તદ્દઉપરાંત વિમાન અને હેલિકોપ્ટરના મરામત, સંચાલન અને જાળવણીની કામગીરી તેમજ રાજ્યમાં ખાનગી વિમાન અને હેલિકોપ્ટરનું મરામત થઇ શકે તે માટેની કામગીરી અને રાજ્યમાં અલગ અલગ જગ્યાએ હવાઇપટ્ટીઓ બનાવવી, જેવી મુખ્યત્વે કામગીરી કરવામાં આવે છે.

**(૩) રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજસેલ કંપની રચના કરવામાં આવેલ છે તે કંપની દ્વારા કઇ કઇ કામગીરી કરવામાં આવે છે?**

ગુજરાત સરકારે ઉડ્ડયન ક્ષેત્રમાં થતા ઝડપી વિકાસની તકને ઝડપી લેવા માટે ગુજરાત સ્ટેટ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કું લી. - GUJSAIL કંપનીની સ્થાપના કરી છે. જે એરપોર્ટ અને સંબંધિત આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસના આયોજન કાર્યમાં સહાયરૂપ થશે. રાજયના એરપોર્ટને લગતી અસ્ક્યામતોની યાદી કંપની હસ્તક રખાશે. તે એરફિલ્ડને નિયંત્રિત કરવા તેમજ જાળવણી કરવા માટેની કામગીરી કરશે. નાગરિક ઉડ્ડયનના વિકાસના કારણોસર કોઇપણ સૂચિત વિકાસ જેવા કે, ગ્રીનફિલ્ડ એરપોર્ટ, MRO, ખાનગી એરપોર્ટ, આંતરરાષ્ટ્રીય હવાઇમથક, મેડિકલ ઇમરજન્સીમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરવો વિગેરેનો આ કંપની અભ્યાસ કરશે.

**(૪) ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આંતરરાજ્ય હવાઈ જોડાણ માટે આયોજન કરેલ છે કે કેમ? જો હા તો તે અંગેની માહિતી આપવી.**

સરકારશ્રી દ્વારા આંતર રાજ્ય હવાઈ સેવા શરૂ કરવા માટે મે. વેન્ચુરા એર કનેક્ટને કામગીરી સોંપવામાં આવેલ છે. માન.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૬ના સુરત-ભાવનગર-રાજકોટ તેમજ રાજકોટ-ભાવનગર–સુરત માટે હવાઈ સેવાને ખુલ્લી મુકેલ છે. તેમજ પોરબંદર-રાજકોટ અને અમદાવાદ-કંડલા માટેની હવાઇ સેવા ૨જી ઓકટોબર, ૨૦૧૬ના રોજ માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા ખુલ્લી મુકેલ છે.

**(૫) રાજ્યના યુવાનોને ઉડ્ડયનની તાલીમ મળી શકે તે માટે રાજ્ય સરકારે કોઇ કામગીરી કરેલ છે ?**

રાજ્યના યુવાધનને ઉડ્ડયનની તાલીમ સહેલાઈથી મળી શકે તે માટે અમદાવાદ એવીએશન એરોનોટીકસ લી. સાથે એમ.ઓ.યુ. કરીને મહેસાણા ખાતે ફ્લાઈંગ ક્લબ ચલાવવા માટે Right to Use of Airstrip તરીકે આપવામાં આવેલ છે. જે ડી.જી.સી.એ., ન્યુ દિલ્હી, મિનિસ્ટ્રી ઓફ સીવીલ એવીએશન વિભાગના નક્કી થયેલ જરૂરિયાત મુજબ ચાલે છે.

**(૬) રાજ્યમાં કેટલી જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે?**

રાજયમાં પ્રવાસન, ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયનના વિકાસ માટે રાજય સરકાર દ્વારા ૯ સ્થળોએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન કરેલ છે. જેમાં અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દ્વારકા, દહેજ, અંબાજી, ધોલાવીરા, રાજકોટ અને બગોદરા (એવીએશન પાર્ક) જેવા યાત્રાધામના સ્થળોએ હવાઇપટ્ટી બનાવવાની યોજના છે. જેની કામગીરી પ્રગતિમાં છે.

**(૭) રાજ્યમાં હેલિકોપ્ટર દ્વારા પોલિસ સેવા શરૂ કરવા અંગે કોઇ વિચારણા કરેલ છે કે કેમ?**

ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં હેલિકોપ્ટરથી પોલિસ સેવા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં પોલિસ દ્વારા રાજ્યમાં એન્ટીનક્ષલ પ્રવૃતિ, રાજ્યની જનતાની સલામતિ તેમજ અન્ય પોલિસને લગતી પ્રવૃતિ માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે. સરકારશ્રી દ્વારા

નિર્ણય લેવામાં આવેલ છે કે, એરબોર્ન લો ઇન્ફોર્સમેન્ટ સેવાને સફળતા પુર્વક પાર પાડવા માટે ગુજસેલ કંપનીએ હેલિકોપ્ટર ખરીદવા અંગેની પ્રક્રિયા કરવાની રહેશે તેમજ હેલિકોપ્ટર ખરીદ્યા બાદ તેના ઉડ્ડયનને લગતી કામગીરી કરવાની રહેશે. તેમજ હેલિકોપ્ટરના મરામત અને સંચાલનની જવાબદારી ગુજસેલ કંપનીને સોંપવા અંગે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે.

**(૮) અન્ય કોઇ જગ્યાએ એમ.આર.ઓ. શરૂ કરવાનું સરકારશ્રીનું આયોજન છે કે કેમ?**

રાજ્ય સરકારશ્રી ભરૂચ નજીકના અંકલેશ્વર ખાતે એરસ્ટ્રીપ બનાવવા માટે વિકાસશીલ છે. આ એરસ્ટ્રીપનો ઉપયોગ ઉડ્ડયનની કામગીરી માટે કરવામાં આવશે અને ત્યાં બોઇંગ/એરબસ જેવા વિમાનો ઉડાન અને ઉતરાણ કરી શકશે. તદ્દઉપરાંત આ જ હવાઇપટ્ટી કાર્ગો સુવિધાઓ માટે ઉપયોગ કરવાની યોજના છે. રાજ્યમાં વિમાન/હેલિકોપ્ટર ક્ષેત્રના સંપૂર્ણ મરામત અને જાળવણીમાંથી આવક પેદા કરવા માટે ગુજસેલ કંપની દ્વારા અંકલેશ્વર એરસ્ટ્રીપ ખાતે આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ સુયોજિત એક એમ.આર.ઓ. બનાવવાનું આયોજન છે.

**(૯) અમરેલી ખાતે એરોસ્પોર્ટ હબ બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ તેની માહિતી આપવી.**

ગુજસેલએ એરો કલબ ઓફ ઇન્ડિયા (એસીઆઇ)નો સંપર્ક કરેલ છે, જેની ભારત સરકારશ્રી દ્વારા દેશમાં એરોસ્પોર્ટ પ્રવૃતિઓનું સમર્થન અને વિકાસ કરવા માટે સ્થાપના કરવામાં આવેલ છે. એસીઆઇએ ગુજરાતમાં એરોસ્પોર્ટ ઉદ્યોગનો વિકાસ કરવામાં રસ દાખવ્યો છે, અને હકારાત્મક પ્રતિભાવ આપેલ છે. એસીઆઇએ ભારતમાં એરોસ્પોર્ટ હબ તરીકે રાજ્ય સરકારશ્રીની અમરેલી હવાઇપટ્ટીનો વિકાસ કરવાની દરખાસ્ત કરેલ છે, અને સર્વે કરીને અમરેલી હવાઇપટ્ટી એરોસ્પોર્ટ ક્ષેત્રના વિકાસ માટે અનુકુળ સ્થાન તરીકે સલામત હોવાનું જાહેર કરેલ છે. અમરેલી હવાઇપટ્ટીનો ઉપયોગ સાચી દિશામાં ચોક્કસ પગલુ હશે અને રાજય અને દેશના એરોસ્પોર્ટ ઉત્સાહી અને અસ્તિત્વ માટે જરૂરી સમર્થન અને પ્રોસ્તાહન પુરુ પાડશે. આ પ્રવૃતિથી રાજ્યના પ્રવાસન ઉદ્યોગને ઉત્તેજન મળશે, જેમાં હોબી ફલાયર્સ અને એરો સમર્થકો રાજ્યના પ્રવાસીઓને આકર્ષશે. આ પ્રવૃતિ શરૂ કરવાથી એરોસ્પોર્ટ વિકાસની બાબતમાં ગુજરાત રાજ્ય દેશનું એક મોડેલ રાજ્ય સ્થાપીત થશે.

**(૧૦) પ્રવાસન/ધાર્મિક સ્થળોએ હેલિકોપ્ટર સેવા શરૂ કરવાનું આયોજન હોય તો તેની માહિતી આપવી.**

ગુજરાત રાજ્ય તેના ધાર્મિક સ્થળો અને યાત્રાધામ માટે પ્રખ્યાત છે જેને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે નવો પ્રોજેક્ટ શરૂ કરવાનું નક્કી કરેલ. હેલિકોપ્ટર જોડાણની કામગીરી ગુજસેલ દ્વારા કરવામાં આવશે. રાજ્યમાં એવીએશનને સામર્થ્ય માટે નવી કંપનીની (ગુજસેલ) ની સ્થાપના કરવામાં આવેલ કે જે ઉડ્ડયનને લગતી કામગીરી કરશે. ગુજસેલ દ્વારા નાના શહેરને મોટા શહેર

સાથે જોડવા ઉપરાંત પ્રવાસન ક્ષેત્રને વિકસાવવામાં આવશે. ગુજરાત રાજ્ય તેના ધાર્મિક સ્થળો અને યાત્રાધામ માટે પ્રખ્યાત છે, આથી દ્વારકા, સોમનાથ અને અંબાજી ખાતે હવાઈ જોડાણની સેવાનું આયોજન છે.

**(૧૧) રીજીયોનલ કનેકટીવીટી સ્કીમ (આર.સી.એસ)**

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા "નેશનલ સીવીલ એવીએશન પોલીસી-૨૦૧૬" બહાર પાડવામાં આવેલ છે. જેમાં નાગરિક ઉડ્ડયન ક્ષેત્રનો અને ઉડ્ડયન માળખાનો વિકાસ થાય તે હેતુથી "રીજીયોનલ કનેકટીવીટી સ્કીમ(આર.સી.એસ)" હેઠળ એરપોર્ટના વિકાસ તેમજ હવાઇ જોડાણ મળી રહે તે હેતુથી ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રીની ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૬ની ગુજરાત મુલાકાત વખતે તેઓ સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ(એમ.ઓ.યુ.) કરવામાં આવેલ છે.

**(૧૨) રાજ્ય સરકારની માલિકીની હવાઇપટ્ટી તેમજ ગુજસેલ ખાતે સોલર પાવર પ્રોજેક્ટ અંગેનું આયોજન.**

નવિનીકરણ ઉર્જા સ્ત્રોત અમલીકરણ કરવા માટે યોજના હેઠળ રાજ્ય સરકારશ્રીની માલિકીની ત્રણ હવાઇપટ્ટી મહેસાણા, માંડવી અને અમરેલી ખાતે તેમજ અમદાવાદ એરપોર્ટ ખાતે આવેલ રાજ્ય સરકારશ્રીના ગુજસેલ કોમ્પલેક્ષમાં સોલર પાવર પ્રોજેક્ટ નાંખવાનું આયોજન છે .

**(૧૩) ડીસા એરપોર્ટનું નવિનીકરણ કરવા બાબત.**

ડિસા એરપોર્ટને ગુજરાત સરકારની RCS યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. જે મુજબ ડીસા એરપોર્ટને નવીનીકરણ કરવાનું આયોજન છે. જેમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવશે. રનવે સમારકામ, બાઉન્ડ્રીવોલ બાંધકામ, સિક્યુરીટિ સેવા પૂરી પાડવી, હાલનાં બાંધકામનું સમારકામ કરવું, નાઇટ ફલાઇંગ સુવિધા વિકસાવવી, હેંગર તથા ટેક્ષી-વે નું બાંધકામ વિ. કામગીરી કરવાનું આયોજન છે. ત્યારબાદ ડીસા એરપોર્ટને આંતરરાજ્ય હવાઇ જોડાણ કરવામાં આવનાર છે તેમજ એરોસ્પોર્ટ એક્ટીવીટી, એર-શો, રોડ-શો વિ. ઇવેન્ટ કરવાનું આયોજન છે.

**(૧૪) રાજકોટ ખાતે ગ્રીન ફિલ્ડ એરપોર્ટ બનાવવા બાબત.**

રાજકોટ ખાતેનું હાલનું એરપોર્ટ શહેરની મધ્યમાં આવેલ હોવાથી તેના વિસ્તૃતિકરણને અવકાશ નથી. આથી સરકારશ્રીએ ભારત સરકાર સાથે પરામર્શ કરીને આંતરરાષ્ટ્રીય કક્ષાનું તમામ સુવિધા ધરાવતું ગ્રીન ફીલ્ડ એરપોર્ટ રાજકોટ ખાતે વિકસાવવાનું આયોજન કરેલ છે. જેનાથી સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારની જનતાને હવાઈ સેવાની ઉત્તમ સુવિધા મળી રહેશે.

## ૧૮.૨ માહિતી મેળવવા અંગે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજી પત્રક (સંદર્ભ માટે ભરેલા અરજી પત્રકની નકલ) | : | -- |
| ૨ | ફી | : | કાયદા હેઠળ નક્કી થયા મુજબ (અરજી ફી રૂા. ૨૦/-) |
| ૩ | માહિતી મેળવવા માટે અરજી કઇ રીતે કરવી, કેટલીક ટિપ્પણી. | : | કાયદા હેઠળ સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમોમાં સુચવ્યા મુજબ અરજી કરવી. |
| ૪ | માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવે તેવા વખતે નાગરિકના અધિકાર અને અપીલ કરવાની કાર્યવાહી. | : | માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ-૧૨(૧) મુજબ નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયન એપેલેટ અધિકારી તરીકે નક્કી થયેલ છે. તેઓને અપીલ કરી શકાય. |

## ૧૮.૩ જાહેર તંત્ર દ્વારા લોકોને અપાતી તાલીમની બાબતમાં :

આ વિભાગ દ્વારા કોઇ તાલીમ આપવામાં આવતી નથી. તેમ છત્તા સામાન્ય વહીવટ વિભાગ / વસુતા પ્રભાગ હસ્તકની સરદાર પટેલ રાજ્ય વહીવટી સંસ્થા દ્વારા આરટીઆઇ એક્ટ બાબતે સરકારી કર્મચારીઓ અને એનજીઓ/મીડીયા વિગેરેને તાલીમ આપવામાં આવે છે.

## ૧૮.૪ નિયમ સંગ્રહ-૧૩માં સમાવિષ્ટ ન કરાયેલ હોય તેવા, જાહેર તંત્રએ આપવાના પ્રમાણપત્રો, ના-વાંધા પ્રમાણપત્ર.

વિભાગ દ્વારા રાજ્યમાં આવેલ હેલિપેડ ઉપર ખાનગી હેલિકોપ્ટરના ઉતરાણ માટે જેતે જીલ્લાના કલેકટરશ્રીને ઉતરાણની પરવાનગી માટે ના-વાંધા પ્રમાણપત્ર આપવાના થાય છે.

## ૧૮.૫ નોંધણી પ્રક્રિયા અંગે.

વિભાગ દ્વારા કોઇ નોંધણી કરવામાં આવતી નથી.

## ૧૮.૬ જાહેર તંત્રએ કર ઉઘરાવવા અંગે.

વિભાગ દ્વારા કોઇ કર ઉઘરાવવાના થતાં નથી.

## ૧૮.૭ વીજળી/પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અંગે

આ બાબત મ્યુનિસિપલ કોર્પોરેશન /નગરપાલિકા /યુપીસીએલ ને લાગુ પડશે.

## ૧૮.૮ જાહેર તંત્ર દ્વારા પુરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત.

વિભાગ દ્વારા કોઇ સેવા પુરી પાડવામાં આવતી નથી.

* * * *